ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





ધરતીમાતાના જતન માટે સાયકલ રેલી યોજાઈ - આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ નિમિત્તે ગાંધીનગરમાં જી-૩ સાયકલ કલબ દ્વારા સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ધરતીમાતા'ને પ્રદૂષણ મુકત કરવા અને સાયકલના ઉપયોગનો વ્યાપ વધારવાના ઉમદા હેતુથી યોજાયેલ આ સાયકલ રેલીમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા અને ગુડાના ચેરમેન આશિષ દવે સહિત અગ્રણીઓ જોડાયા હતાં. આ સાયકલ રેલીમાં મહિલાઓ, યુવાનો, નગરજનો જોડાયા હતા. ઉપસ્થિત અગ્રણીઓએ જી-૩ કલબના હોદ્દેદારો-સભ્યોની પર્યાવરણ જાગૃતિ અંગેની દિશામાં કરાયેલા સુંદર પ્રયાસની પ્રશંસા કરી હતી. (તસવીર : દિપક જાની)

# સે-૭માં મોડેલ સ્કુલ તૈયાર થાય છે

## સેક્ટર-૭ પ્રાથમિક-માધ્યમિક શાળાના કમ્પાઉન્ડમાં ચાર મજલાની સ્કુલનુ બાંધકામ પ્રગતિ હેઠળ : ૧૪ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા૨૨

સે-૭ સરદાર વલ્લભભાઈ પટેલ સરકારી માધ્યમિક શાળામાં હાલ નવી મોડેલ સ્કુલ બાંધવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ચાર મજલાની આ મોડેલ સ્કુલ એક વર્ષમાં તૈયાર કરી દેવાશે. જયારે આ પ્રોજેકટ અન્વયે રૂ ૧૪ કરોડનો ખર્ચ કરવમાં આવશે.

સે-૭ની સરકારી શાળામાં મોડેલ સ્કુલનુ મકાન બાંધવાનુ કામ શરુ કરી દેવાયુ છે. માધ્યમિક શાળાના કમ્પાઉન્ડમાં હાલ પ્રથમ તબક્કાની કામગીરી અન્વયે ગ્રાઉન્ડ ફલોર અને પ્રથમ મજલાનુ કામ શરુ કરી દેવાયુ છે. સરકાર દ્વારા પ્રથમ તબક્કાના કામ માટે રૂ ૭ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેકટ પાછળ રૂ ૧૪ કરોડથી વધુ ખર્ચ થવાનો અંદાજ છે. સ્કુલની ચાર મજલાની ઈમારતમાં કલાસરુમ, પ્રિન્સિપાલ ઓફિસ, સ્ટાફ રુમ, શૌચાલય લેબોરેટરી, લાયબ્રેરી, અને પ્રાર્થનાખંડ બનાવાશે. આ નવા બિલ્ડીંગમાં ફાયર સેફટીની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવશે. આ ઉપરાંત પાર્કિંગ અને આંતરિક રસ્તાઓનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

આ અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા માર્ગ મકાન વિભાગને સુચના પણ આપી દેવાઈ છે. આ શાળામાં કે.જી થી લઈને ધો-૧૨ના વિધાર્થીઓ અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. હાલ પ્રથમ તબક્કાનુ કામ પ્રગતિ હેઠળ છે. ચાર મજલાના બિલ્ડીંગનુ કામ પૂર્ણ થતા એક વર્ષનો સમય લાગશે. શહેરમાં સરકારી શિક્ષણક્ષેત્રે વિધાર્થીઓ માટે પ્રથમવાર મોડેલ સ્કુલ બનાવવામાં આવી રહી છે. સે-૮ની માધ્યમિક શાળાને પણ અલગ બલ્ડીંગ ઉપલબ્ધ થશે.

# ઈન્દ્રોડામાં પાણીની સમસ્યા ઉકેલાશે

## ગામના રબારી અને રાવળવાસમાં પાણીની સમસ્યાનો નિકાલ થશે

ગાંધીનગર, તા ૨૨

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીની સમસ્યા પેચીદી બનતી જાય છે. આકરી ગરમીના દિવસોમાં ગ્રામ્ય વિસ્તારમાં છાશવારે પાણીની પોકાર ઉઠવા પામે છે. ઈન્દ્રોડામાં પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા પાણીની પાઈપલાઈનનું કામ શરુ કરી દેવાયુ છે. જેના પરિણામે ગામના રબારી અને રાવળવાસમાં પાણીની સમસ્યા હલ થશે.

ઉનાળાની આકરી ગરમી શરુ થતા શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ઉઠવા પામે છે. અગાઉ પણ પાણીના પ્રશ્ને ગ્રામ્ય વિસ્તારમાં બુમરાણ ઉઠવા પામી ગતી. ગામડાઓમાં પુરતા ફોર્સથી પાણી ન આવતો હોવાનો રોષ પ્રબળ બની રહયો છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ બોરીજ, ધોળાકુવા, પાલજ, ઈન્દ્રોડા સહીતના ગામોમાં પાણીના મામલે બેડાયુધ્ધની સ્થિતિ સર્જાય છે. થોડા સમય અગાઉ ઈન્દ્રોડા ગામની મહીલાઓએ પાણીના મામલે હોબાળો મચાવ્યો હતો. ગામમાં પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા પાઈપલાઈનનું કામ શરુ કરી દેવાયુ છે. પાઈપલાઈનની કામગીરી ટૂંકમાં પૂર્ણ કરી દેવાશે. જેના અંતે ગામના રબારીવાસ અને રાવળવાસમાં પાણીની સમસ્યાનો હલ આવશે. શહેરીવિસ્તારના અન્ય ગામોમો પણ પાણીની સમસ્યાને ડામવા નવા બોર બનાવવા ઉપરાંત જરુરી પાઈપલાઈનનુ કામ હાથ ધરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.ગ્રામ્ય વિસ્તારની ટોપોગ્રાફીના લીધે તંત્ર દ્વારા પણ પાણી અને ગટરલાઈનનુ કામ કરવાનુ મુશ્કેલ બન્યું છે.

# ગાંધીનગરના બજારોમાં કેરીનું આગમન પરંતુ મોંઘીદાટ

## કેરીમાં શ્રેષ્ઠ ગણાતી હાફુસ માત્ર માલેતુજારોને જ પોસાય તેટલી મોંઘી : કેસર કેરી ૧૦૦ રૂ. કિલો વેચાય છે

ગાંધીનગર, તા. ૨૨

અવારનવાર બદલાતા વાતાવરણ અને માવઠાના કારણે કેરીના પાકને આ વર્ષે ખુબ નુકશાન થયું છે. ગરમી જામતા બજારોમાં કેરી જોવા મળી રહી છે પરંતુ તેના ભાવો ખૂબ વધારે હોવાથી કેરીના રસિયાઓ તેની ખરીદીને ટાળી રહ્યા છે. વળી કેરીની નબળી ગુણવત્તા પણ ઘરાકી ઓછી કરાવે છે.

ઉનાળાની સિઝનનું સૌથી મોટું આકર્ષણ જો કોઈ હોય તો તે છે કેરી. આફુસ અને કેસર કરી ઉનાળામાં ખુબ ખવાય છે પરંતુ આ વર્ષે માવઠાના કારણે કેરીના પાકની જાણે માઠી બેઠી છે. કેસર કેરીનું ઉત્પાદન જયાં સૌથી વધુ થાય છે તે તલાલા વિસ્તારના ખેડૂતો કહે છે કે આ વર્ષે માત્ર ૩૦ થી ૪૦ ટકા જેટલો જ માલ ઉતરે તેવી સંભાવના છે. વાવાઝોડામાં ઘણી બધી કેરીઓ ખરી ગઈ હોવાથી કેસર કેરીનું ઉત્પાદન ઘટયું છે જેની સીધી અસર ભાવ અને ગુણવત્તા પર થઈ છે.

ગાંધીનગરમાં ધીમે ધીમે કેરીનું આગમન થયું છે. લારીઓ પર અને ફ્રુટ માર્કેટમાં કેરી જોવા મળી રહી છે. પરંતુ આ વર્ષે તેનો ભાવ ખુબ વધુ હોવાથી સામાન્ય ગ્રાહકો માત્ર ભાવ પુછી સંતોષ માની રહ્યા છે. આલ્ફાન્ઝો કે હાફુસ કેરીનો ભાવ સાંભળતા જ હાયકારો નીકળી જાય તેટલી મોંઘી છે. ગાંધીનગરમાં વર્ષોથી સિઝન દરમિયાન કેરીનો વ્યવસાય કરતા રહીમચાચા કહે છે કે રત્નાગીરી આફુસ કેરીનો ભાવ ૫૦૦થી ૬૦૦ રૂ. ડઝનનો છે. જયારે કેસર અને સુંદરી ૧૦૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહી છે. બજારમાં કેરી જોઈ ગ્રાહકો તેનાથી જરૂર આકર્ષાયછે પરંતુ ભાવ સાંભળી મોટા ભાગના ગ્રાહકો પાછા જતાં રહે છે. માત્ર અમુક જ ગ્રાહકો તેની ખરીદી કરે છે. આગામી દિવસોમાં જો માલ વધુ આવશે તો કેરીનો ભાવ ઘટી શકે છે. કેરીના પાકને ખુબ નુકશાન થયું હોવાથી અથાણાની કેરી પણ ઓછી આવી છે. આ સિઝનમાં અથાણાની સિઝન બરાબર જામવી જોઈએ તેના સ્થાને અત્યારે ગૃહિણીઓએ અથાણા નાંખવાનું માંડી વાળ્યું છે. અથવા તો તૈયાર અથાણાથી ચલાવી રહ્યા છે. હાલમાં બજારમાં કેસર કેરી જોવા મળી રહે છે. પરંતુ તેની ગુણવત્તા અને સ્વાદ નબળા હોવાથી ગ્રાહકો ખરીદી કરતાં અટકે છે. કેરીના રસિયાઓને આ વર્ષે નિરાશ થવું પડશે. મે મહિનામાં કચ્છની કેસર કેરી બજારમાં આવશે તે પછી તે ગ્રાહકો માટે સુલભ બનશે.



# મંત્રીઓ આજથી વણથંભી વિકાસ યાત્રા માટે પ્રવાસે

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં આવતીકાલથી શરૂ થતી વણથંભી વિકાસ યાત્રા અંતર્ગત વિકાસ કાર્યોના લોકાર્પણ ખાતમુર્હત માટે મંત્રીઓ આજથી જિલ્લાઓના પ્રવાસે જતાં સચિવાલયમાં મંત્રાલયો મંત્રીઓ વિહોણા બન્યા છે.

રાજયમાં વિકાસ કામો હાથ ધરવા માટે રાજય સરકાર દ્વારા વણથંભી વિકાસ યાત્રા શરૂ કરવામાં આવી છે. આ યાત્રા અંતર્ગત રાજયના તમામ જિલ્લાઓમાં તાલુકા અને ગ્રામ્યકક્ષાએ વિવિધ વિભાગો દ્વારા નક્કી કરવામાં આવેલ વિકાસ કામોના મંત્રીઓના હસ્તે લોકાર્પણ અને ખાતમુહર્ત કરવામાં આવે છે.

આ માટે તમામ મંત્રીઓને જિલ્લા તાલુકાની જવાબદારીઓ સોંપવામાં આવી છે. દરેક મંત્રીએ તેમને ફાળવવામાં આવેલ જિલ્લામાં બે દિવસ દરમિયાન વિવિધ વિભાગો દ્વારા નક્કી કરવામાં આવેલ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહર્ત કરીને વિકાસ કામો હાથ ધરવા માટે મંત્રીઓ આજથી જિલ્લાઓના પ્રવાસે જતાં મંત્રાલયો બે દિવસ મંત્રીઓ વિહોણા બનશે.

# કાળઝાળ ગરમીમાં સત્તર વર્ષથી અબોલ પક્ષીઓની સેવા કરતા નરેન્દ્રભાઈ

## ઉનાળાની આકરી ગરમીમાં પક્ષીઓની તરસ છીપાવવા પાણીના ચકલોડીયાનું વિતરણ કરી રહ્યા છે : પોકેટમની બચાવી ચકલોડીયા ખરીદે છે : શહેરના શોપીંગ સેન્ટરમાં વિનામૂલ્યે વિતરણ કરે છે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૨

ઉનાળાની આકરી ગરમીમાં અબોલ પક્ષીઓની તરસ છીપાવવા ગાંધીનગરના નરેન્દ્રભાઈ છેલ્લા ૧૭ વર્ષથી વિનામૂલ્યે ચકલોડીયાનું વિતરણ કરવાનું ઉમદા કામ કરે છે. સચિવાલયના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા નરેન્દ્રભાઈએ કોઈની મદદ લીધા વિના વ્યક્તિગત રીતે સેવાકીય કાર્ય કરી રહ્યા છે.

કહેવાય છે કે ઉનાળો આકરો હોય છે. ગરમીથી માનવીને તહસનહસ કરી નાખે છે. માનવી તો ભૌતિક સુખ મેળવી ગરમીમાં ઠંડીનો અહેસાસ કરેછે. પરંતુ મુંગા-અબોલ પક્ષીઓનું શું ? ગાંધીનગરના સેક્ટર-૭ બ્લોક નં. ૧૭/૨ 'ચ' ટાઈપમાં રહેતા અને સચિવાલય આરોગ્ય ખાતામાં ફરજ બજાવતા નરેન્દ્રભાઈ રાવલ છેલ્લા ૧૭ વર્ષથી પક્ષીઓ માટે મફત પાણીના ચકલોડિયાનું વિતરણ કરે છે.

નરેન્દ્રભાઈ કહે છે કે હુ જ્યારે મારા સરકારી મકાન ખાતે વાડ બનાવવા માટે કઠણ માટીમાં નીક બનાવી જમીન પોચી કરવા માટે પાણી નાખી રહ્યો હતો તે સમયે તરસ્યા પક્ષીઓ ખિસકોલીઓ પાણી પીવા માટે કલાબલ કરી રહ્યા હતા. આ દૃશ્ય નજરે નિહાળતા તરસ્યા પક્ષીઓ માટે મારા હૃદયમાંથી સેવાનો સૂર ઉઠ્યો અને આ સેવાયજ્ઞનો એ દિવસથી આરંભ થયો.

ઉનાળાની આગ ઓકતી ગરમીમાં ચૈત્ર અને વૈશાખ માસમાં પાણી માટે ચકલોડીયાનું વિતરણ કરે છે. શરૂઆતમાં ૫૦ નંગ ચકલોડીયાનું વિતરણ કર્યું હતું. જે આંક હાલના સમયે ૧૨૦૦ એ પહોંચ્યો છે. મોંઘવારીના માર વચ્ચે અન્ય કોઈની મદદ લીધા વિના માત્ર પોકેટમનીમાંથી ભગીરથ કાર્યને સુપેરે પાર પાડે છે.

ચકલોડિયાનું વિતરણ કરવા માટે શહેરના મંદિરોમાં આરતી સમયે પહોંચી જઈને દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને આપે છે. તે ઉપરાંત સેક્ટરના શોપિંગ સેન્ટરો, લારી-ગલ્લા ઉપર જાતે પહોંચી પક્ષી બચાવવાનું જણાવે છે. નરેન્દ્રભાઈ કહે છે કે, આ સેવાયજ્ઞમાં મને મારા ધર્મપત્ની કપિલાબેન અને તબીબ પુત્ર મિલન દ્વારા ખુબજ સહકાર મળે છે. મારો દિકરો અને મારી પત્ની મારો ઉત્સાહ વધારી ઉષ્મા પુરી પાડે છે.

# શહેરના બે પુસ્તકાલયોમાં બે લાખથી વધુ પુસ્તકોનો ખજાનો

## ગાંધીનગરના સરકારી પુસ્તકાલયો ૫૦ હજારથી વધુ નાગરિકોને પુસ્તક વાંચવાની સવલત આપે છે : દર મહિને ૧૦ હજારથી વધુ પુસ્તકો ઈશ્યુ થાય છે : ફરતા પુસ્તકાલય દ્વારા જિલ્લાના ૧૧૫ ગામોને આવરી લેવાય છે : આ વર્ષે સ્માર્ટ કાર્ડ યોજના દાખલ કરાઈ : વાચક જાતે જ પુસ્તક ઈશ્યુ કરી શકે છે

ગાંધીનગર, તા. ૨૨

વિશ્વમાં તા. ૨૩મી એપ્રિલે 'વિશ્વ પુસ્તક' જાહેર કરાયો છે. પુસ્તકોને માણસના સૌથી સાચા મિત્રો



પુસ્તક દિન તરીકે ઉજવવામાં આવે છે. મહાન લેખક-ચિંતક શેક્સપિયરની જન્મતિથિ અને મૃત્યુતિથિ બંને આજ તારીખે છે, તેમના સન્માનમાં યુનેસ્કો દ્વારા આ દિવસને કહેવાય છે. જે સાચો માર્ગ બતાવે છે. ગાંધીનગરમાં સે. ૨૧ અને સે. ૧૭માં બે સરકારી પુસ્તકાલયો આવેલા છે. આ ઉપરાંત ફરતા પુસ્તકાલયની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. નગરમાં લગભગ ૫૦,૦૦૦થી વધુ લોકો આ પુસ્તકાલયોના સભ્યો છે. અને દરરોજ ૧૦૦૦ લોકો પુસ્તકો વાંચવા તેમજ ૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ અધ્યયન કરવા આ

**વિશ્વ પુસ્તક દિન વિશેષ**

પુસ્તકાલયોનો ઉપયોગ કરે છે. આ વર્ષથી ચાલુ કરાયેલ સ્માર્ટ કાર્ડ સીસ્ટમને ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો છે.

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે 'મને જ્યારે જ્યારે મુંઝવણ થાય ત્યારે ત્યારે હું ગીતા વાંચી માર્ગદર્શન મેળવું છું.' આમ સદીઓથી પુસ્તકો માનવીને જીવનમાં માર્ગદર્શન બનતાં રહ્યાં છે. ગાંધીનગરમાં મોટા પ્રમાણમાં શિક્ષિત વર્ગ વસવાટ કરતો હોવાથી પુસ્તક વાંચનની પ્રવૃત્તિ સવિશેષ જોવા મળે છે. અહીં સરકારી ઉપરાંત ખાનગી લાયબ્રેરીઓનું પણ અસ્તિત્વ છે, તેમજ પુસ્તક પરબ જેવી પ્રવૃત્તિઓને પણ ઉમળકાજનક પ્રતિભાવ મળે છે. સે. ૨૧ના જીમખાના પાસે આવેલ સરકારી પુસ્તકાલયમાં ૧૨,૧૯૮ સભ્યો નોંધાયેલા છે જેમાં દર મહિને આશરે ૫૦૦ વાચકો પુસ્તકો વાંચવા નિયમિત રીતે લઈ જતા હોય છે. આ લાયબ્રેરીમાં ૯૯૦૦૦ પુસ્તકો છે, આ વર્ષે તેમાં ૪૭૫ પુસ્તકોનો ઉમેરો કરાયો છે. દર વર્ષે આ લાયબ્રેરીને ૪૦૦ જેટલા પુસ્તકો તો ભેટ સ્વરૂપે મળે છે. પ્રતિ વર્ષ ૩૫૦ થી ૪૦૦ જેટલા નવા સભ્યોનો ઉમેરો થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ

અમદાવાદ, તા. ૨૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ ગુરુવાર તા. ૨૩ એપ્રિલ-૨૦૧૫ના રાજય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણમાં ઉપસ્થિત રહી નાગરિકોની રાવ-ફરીયાદ સાંભળશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજયના સામાન્ય નાગરિકોની તંત્ર સામેની રજૂઆતો-સમસ્યાઓના નિવારણ માટે પ્રતિમાસના ચોથા ગુરુવારે યોજાતો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ ગુરુવારે બપોરે ૩-૦૦ કલાકે યોજાશે.

જિલ્લા કક્ષાનો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ પણ રાબેતા મુજબ આવતીકાલ ગુરુવારે યોજાશે. મુખ્યમંત્રી જનસંપર્ક એકમના નાયબ સચિવ હેમાંગ પુરોહિતે જણાવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com